ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

પંચમહાલ-દાહોદ

પંચમહાલ-દાહોદ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી

પટવાણ પ્રાથમિક શાળામાં પ્રગતિનો પ્રવેશ મહોત્સવ કાર્યક્રમ યોજાયો

લીમખેડા : લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રના સી.આર.સી.બારમાં આવેલી પટવાણ પ્રાથમિક શાળામાં પ્રગતિનો પ્રવેશ મહોત્સવ કાર્યક્રમ જિલ્લા પંચાયતના સદસ્ય મહેશભાઈ તડવીની અધ્યક્ષતામાં યોજાયો હતો જેમાં જીલ્લા પંચાયત ના સભ્ય મહેશભાઈ તડવી તથા આગેવાનો હસ્તે આંગણવાડીના-09 બાળકો,બાલવાટિકા - 40 બાળકો તથા ધોરણ -1 ના 10 બાળકો એમ કુલ 59 બાળકોને કુમકુમ તિલક કરી,ચોકલેટ આપી મોં મીઠું કરાવી તેમને શૈક્ષણિક કીટ આપીને વિધિવત રીતે પ્રવેશ કરાવ્યો હતો.ધોરણ 3 થી 8 માં ગત વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ઇનામ આપવામાં આવ્યું હતું.

કાલોલના વેજલપુર અને બેઠીયા ક્લસ્ટરમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી

કાલોલ : પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર અને બેડીયા વિસ્તારની વિવિધ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઈન્ડેક્સ-સીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડો. એસ. જે. જોશી ખાસ ઉપસ્થિત રહીને ભૂલકાઓને શાળામાં પ્રવેશ કરાવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. ઉચ્ચ શિક્ષણનું મહત્વ વિશે ડો. જોશીએ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે ઉચ્ચ શિક્ષણ મેળવવું એ સફળતાની ચાવી છે, જે વિદ્યાર્થીને જીવનના દરેક પગલે મદદરૂપ બને છે. તેમણે બાળકોને સપના જોવાની અને તેને સાકાર કરવા માટે મહેનત કરવાની પ્રેરણા આપી હતી.

હાલોલની PM શ્રી શાળામાં શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ

હાલોલ : પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે રાજ્ય સરકારના અભિયાન અંતર્ગત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે.હાલોલની પી.એમ.શ્રી કન્યાશાળા અને કુમારશાળા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વહીવટી તંત્ર અને રાજકીય આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.હાલોલની પી.એમ.શ્રી કન્યાશાળા તથા કુમારશાળા ખાતે શિક્ષણના ધામમાં પગ મૂકતા ભૂલકાઓને ઉત્સાહભેર આવકારવામાં આવ્યા હતા.આ પ્રસંગે હાલોલના પ્રાંત અધિકારી જે.ડી.પટેલ, હાલોલ શહેર ભાજપ પ્રમુખ હરીશભાઈ ભરવાડ તેમજ તાલુકા ભાજપ પ્રમુખ જયેન્દ્રસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વરિષ્ઠ અધિકારીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

જામદરા-પહાડ શાળા પ્રવેશોત્સવ: ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોરે ભૂલકાઓને પ્રવેશ અપાવ્યો

સિંગવડ : સિંગવડ તાલુકાની જામદરા પ્રાથમિક શાળા, પહાડ પ્રાથમિક શાળા અને અમૃત માધ્યમિક શાળા પહાડ ખાતે "શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ - ૨૦૨૬" ઉત્સાહભેર ઉજવાયો હતો. ધારાસભ્ય એ શાળામાં પ્રથમ પગલું માંડતા ભૂલકાઓને કુમકુમ તિલક કરીને, ચોકલેટ-શૈક્ષણિક કીટ આપીને પ્રવેશ અપાવ્યો હતો. કાર્યક્રમમાં સિંગવડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ગોપાલભાઈ રાવળ, જામદરા ગ્રામ પંચાયતના સરપંચ - ઉપસરપંચ, શાળા વ્યવસ્થાપન સમિતિના ચેરમેન, તાલુકા પંચાયતના સભ્યો, શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનો. ઉપસ્થિત રહ્યા હતા ત્યારે કાર્યક્રમના અંતે આભારવિધિ સાથે સમાપન કરવામાં આવ્યું હતું.

રાજ્યમંત્રી રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં ફતેપુરા તાલુકાની વિવિધ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ

સુખસર : તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. દાહોદ જિલ્લામાં રાજ્યમંત્રી રમેશભાઈ કટારાએ ફતેપુરા તાલુકાના ગઢરા, પીપલારા અને પાટવેલ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ આંગણવાડી, બાલવાટિકામાં કુલ ૩૯ અને ધોરણ - ૧ માં ૩૪ બાળકોને શૈક્ષણિક કીટ આપી શાળામાં આવકાર્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો છે. નવી પેઢી શિક્ષણના માધ્યમથી આત્મનિર્ભર બને અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે તે માટે દરેક બાળક અભ્યાસ કરી આગળ વધે એ જરૂરી છે.

કાલોલની સરસ્વતી વિદ્યામંદિર ખાતે શાળા પ્રવેશોત્સવ નિમિત્તે ભૂલકાઓને આવકાર્યા

કાલોલ : શ્રી સિધ્ધનાથ એજ્યુકેશન ટ્રસ્ટ કાલોલ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં મંગળવારે કાલોલ નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણાની અધ્યક્ષતામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે લાયઝન તરીકે CRC નરેન્દ્ર ભાઈ પરમાર શાળાના આચાર્ય રિતેશભાઈ પંડ્યા તથા શાળા સંચાલક મંડળમાંથી ઉપપ્રમુખ હરીશભાઈ ઉપાધ્યાય તથા મંત્રી હર્ષદભાઈ જોશી, સામાજિક કાર્યકર અને વકીલ સતિષભાઈ શાહ તથા નરેન્દ્ર મોદી વિચાર મંચના પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેન્દ્રભાઈ જોશી તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરવા અને સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓની જાણકારી આપી તેનો લાભ લેવા જણાવવામાં આવ્યું, કાર્યક્રમના અંતે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

કાલોલ કુમાર શાળા ખાતે કાલોલ કુમાર અને ઉર્દુ શાળાનો શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

કાલોલ : કાલોલ કુમાર શાળા ખાતે આંગણવાડી બાલવાટિકા ધોરણ 1 અને ધોરણ 6 ના બાળકોને પ્રવેશ આપવાનો સરકારી અભિગમ પ્રમાણેનો આજના કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ના અધ્યક્ષ સ્થાને કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા ના હસ્તે કરવામાં આવ્યો. લાયઝન ઓફિસર તરીકે કાલોલ કુમાર સી.આર.સી કો-ઓર્ડીનેટર નરેન્દ્રભાઈ પરમાર ના માર્ગદર્શન હેઠળ તમામ આમંત્રિતોનું અભિવાદન કરી દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો. કુમાર શાળાના આચાર્ય રાકેશ ઠાકર દ્વારા પુસ્તક આપી પ્રમુખ હસમુખભાઇ મકવાણાનું સ્વાગત કરી તમામને કાલોલ કુમાર શાળા ખાતે ભાવભીનો આવકાર આપ્યો હતો.

સિંગવડ તાલુકાની ત્રણ પ્રાથમિક શાળામા 166 બાળકોને પ્રવેશ સાથે 19નવા ઓરડાનું લોકાર્પણ

સિંગવડ : સિંગવડ તાલુકાના બોરગોટા, વાલગોટા અને મલેકપુર પ્રા. શાળાઓ ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો હતો. કાર્યક્રમ *દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર*ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમ અંતર્ગત 3 શાળાઓમાં કુલ 247 લાખના ખર્ચે 19 નવા ઓરડાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ જેમાં બોરગોટા પ્રા. શાળા: રૂ. 52 લાખના ખર્ચે 4 ઓરડા, વાલગોટા પ્રા. શાળા: રૂ. 78 લાખના ખર્ચે 6 ઓરડા મલેકપુર પ્રા. શાળા: રૂ. 117 લાખના ખર્ચે 9 ઓરડા સાંસદે રિબીન કાપીને લોકાર્પણ કર્યું અને શાળા પરિસરમાં બાળરોપણ પણ કર્યું. ત્યારબાદ બાલવાટિકા અને ધોરણ 1માં પ્રવેશ મેળવતા બાળકોને શૈક્ષણિક કીટ આપીને પ્રવેશ અપાવ્યો હતો.

જૂના ફોટા હોવાનું કહી ખોટો રિપોર્ટ કરનાર અધિકારીઓ સામે તકેદારી આયોગમાં ફરિયાદ

ગોધરાના પઢીયાર ગામમાં વડાપ્રધાનના સ્વચ્છ ભારતના સપનાના ઉડ્યા ધજાગરા

જીઓ-ટેગ ફોટાની સાથે અખબારી અહેવાલોને પણ અધિકારીઓએ નકારી કાઢ્યા.

(પ્રતિનિધિ) ગોધરા, તા.23

પઢીયાર ગામના જાગૃત નાગરિક કાનાભાઈ પરમારે આયોગ સમક્ષ કરેલી રજૂઆતમાં આક્ષેપ કર્યો છે કે, સ્થાનિક અધિકારીઓ સરકારની આબરૂને કલંકિત કરી રહ્યા છે.

અરજદારની ફરિયાદ મુજબ, ગામલોકો ૧૫ વર્ષથી નિયમિત વેરો ભરે છે છતાં પંચાયત પરિસર કે જાહેર માર્ગો પર સફાઈ થતી નથી. તાજેતરમાં ૫ થી ૨૧ જૂન દરમિયાન ચાલેલા મિશન મોડ પ્રોજેક્ટમાં પણ કોઈ જ કામગીરી થઈ ન હતી. આ ગંભીર સમસ્યા અંગે અરજદારે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં જીઓ-ટેગ અને જીપીએસ લોકેશન દર્શાવતા ડિજિટલ ફોટોગ્રાફ્સ અને સ્થાનિક અખબારોના અહેવાલો સાથે ઓનલાઈન રજૂઆત કરી હતી. આમ છતાં, પોતાની નિષ્ક્રિયતા છુપાવવા આ જવાબદાર અધિકારીઓએ સ્થળ પર સફાઈ કરાવ્યા વિના જ અત્યંત ગેરજવાબદારીપૂર્વક અરજદારના જીઓ-ટેગ વાળા લાઈવ પુરાવાઓને અગાઉના જૂના ફોટોગ્રાફ્સ ગણાવી દીધા હતા. અરજદારે ૨૨ જૂનના રોજ સ્વાગત કાર્યક્રમમાં મામલતદારને રૂબરૂ એ જ દિવસના ગંદકીના જીવંત ફોટા બતાવવા આવ્યા હતા અને તેમને સફાઈ કરવા સૂચના પણ આપી હતી તેમ છતાં ફરિયાદનો નિકાલ કરી દેવાયો. પ્રજાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી, ડિજિટલ પુરાવાઓ હોવા છતાં તેને જૂના ગણાવી અરજદારની સાચી ફરિયાદને ખોટી ઠેરવનાર અને ખોટા સરકારી દસ્તાવેજો ઊભા કરનાર આ બેજવાબદાર અધિકારીઓ સામે કડક ખાતાકીય તપાસ કરી તેઓને તાત્કાલિક નોકરીમાંથી બરતરફ કરવામાં આવે તેવી માંગ અરજદાર દ્વારા ગાંધીનગર તકેદારી આયોગ સમક્ષ કરવામાં આવી છે.

વર્ષો જૂની પરંપરા આજે પણ યથાવત્ જળવાઈ

મોહરમની છઠ્ઠીએ શિનોરમાં ભવ્ય રાત્રિ સવારી યોજાઈ

મુસ્લિમ સમાજ સહિત વિવિધ સમાજના આગેવાનો રહ્યા ઉપસ્થિત

(પ્રતિનિધિ) શિનોર, તા.23

નોરમાં પવિત્ર મોહરમની છઠ્ઠી નિમિત્તે રાત્રે પરંપરાગત સવારી નીકળી હતી જેમાં મોરી સંખ્યામાં લોકો જોડાયા હતા. હાલ મુસ્લિમ સમાજનો પવિત્ર મોહરમ મહિનો ચાલી રહ્યો છે. તે નિમિત્તે વડોદરા જિલ્લાના શિનોર ખાતે દર વર્ષની પરંપરા મુજબ ચાલુ વર્ષે પણ છઠ્ઠીની રાત્રે ભવ્ય સવારી યોજાઈ હતી.

મળતી માહિતી મુજબ સમગ્ર ગુજરાતમાં મોહરમ પર્વ દરમિયાન છઠ્ઠીના દિવસે રાત્રે સવારીઓ માત્ર બે સ્થળોએ જ નીકળે છે, જેમાં શિનોર અને ખંભાતનો સમાવેશ થાય છે. આ બંને સ્થળોએ છઠ્ઠીના દિવસે રાત્રે પરંપરાગત સવારી નીકળવાની વર્ષો જૂની પરંપરા આજે પણ જળવાઈ રહી છે.

સવારી દરમિયાન મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો તેમજ અન્ય સમાજના આગેવાનો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. ધાર્મિક શ્રદ્ધા, ભાઈચારો અને શાંતિના સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર વિસ્તારમાં ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. કોઈ અનિશ્ચનીય બનાવના બને તેની તકેદારીના ભાગરૂપે શિનોર પી.આઈ પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

ટ્રકની અડફેટે 18 વર્ષીય બાઇક ચાલક ફંગોળાયો

હાલોલના નવા કુવા ચોકડી પાસે ગમખ્વાર અકસ્માતમાં યુવકનુ મોત

(પ્રતિનિધિ) ગોધરા, તા.23

હાલોલ તાલુકાના નવા કુવા ચોકડી પાસે રવિવારના રોજ સાજના સુમારે એક કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો છે.એક બેફામ સ્પીડે આવી રહેલા ટ્રક ચાલકે બાઇક સવારને જોરદાર અડફેટે લેતા 18 વર્ષના આશાસ્પદ યુવકનું કરૂણ મોત નીપજ્યું છે. અકસ્માત સર્જીને ટ્રક ચાલક ઘટનાસ્થળેથી ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, હાલોલ તાલુકાના વાંકડીયા ગામનો રહેવાસી જયદીપ શાંતિલાલ રાઠવા (ઉંમર વર્ષ ૧૮) નવાકુવા ગામે ઘરનું અનાજ દળાવવા માટે ગયો હતો.અને તે પોતાના બાઇક પર પરત ઘરે જઈ રહ્યો હતો, તે દરમિયાન નવાકુવા ચોકડી પાસે એક ટ્રક ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે જયદીપને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે તાકીદે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. યુવકના મોતના સમાચારથી પરિવારમાં ભારે આક્રંદ અને શોકનો માહોલ છવાઈ ગયો છે જ્યારે અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક પોતાનું ટ્રક ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો.બનાવ અંગેની જાણ પાવાગઢ પોલીસને થતા તાત્કાલિક ઘટન સ્થળે પહોંચી ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેને પકડી પાડવા માટે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી યુવકના મૃતદેહ હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ કરાવવાની તજવીજ હાથ ધરી હતી.

પાવાગઢ ડુંગર પર સાત કમાન નજીકથી સુરતના યુવકનો મૃતદેહ મળી આવતા પોલીસ દોડી

(પ્રતિનિધિ) ગોધરા, તા.23

પંચમહાલના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે સુરત જિલ્લાના 30 વર્ષીય યુવકનું રહસ્યમય સંજોગોમાં મોત થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પાવાગઢ ડુંગર પર આવેલા સાત કમાન નજીક પગદંડી માર્ગ પરથી યુવકનો મૃતદેહ મળી આવતા યાત્રાળુઓ અને સ્થાનિકોમાં અનેક તર્ક-વિતર્કો શરૂ થયા છે.

પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ સુરતના માંગરોલ તાલુકાના નાના બોરસરા ગામની નવીનગરીમાં રહેતા આશિષભાઈ ઉર્ફે જેણો પોપટજી ઠાકોર (ઉંમર 30 વર્ષ) માતાજીના દર્શન કરવા માટે એકલા જ પાવાગઢ આવ્યા હતા. તેઓ ડુંગર પર ચડાણ કરી રહ્યા હતા તે દરમિયાન કોઈ અજાણ્યા સંજોગોમાં તેમનું મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે સાત કમાન નજીકથી પસાર થતાં કેટલાક સ્થાનિકો અને યાત્રાળુઓએ એક યુવકને મૃત હાલતમાં પડેલો જોયો હતો. નજીક જઈ તપાસ કરતાં યુવકનું મોત થયાનું જણાતા તાત્કાલિક પાવાગઢ પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહનો કબજો મેળવી પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

પોલીસે મૃતદેહને વધુ કાર્યવાહી માટે હાલોલની સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે. પ્રાથમિક તબક્કે યુવકનું મોત અકસ્માત, અચાનક તબિયત બગડવાથી કે અન્ય કોઈ કારણસર થયું છે કે કેમ તે અંગે કોઈ સ્પષ્ટતા થઈ શકી નથી. પોલીસે તમામ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર યુવક એકલો જ યાત્રાધામ પર આવ્યો હતો. ડુંગર ચડતી વખતે કોઈ દુર્ઘટના ઘટી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, અધિકૃત રીતે કોઈ કારણની પુષ્ટિ કરવામાં આવી નથી. પાવાગઢ જેવા લોકપ્રિય યાત્રાધામમાં બનેલી આ ઘટનાએ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

સાધી ગામે શાળા પ્રવેશોત્સવ સાથે નવી કન્યા પ્રાથમિક શાળાનું લોકાર્પણ

(પ્રતિનિધિ) પાદરા, તા.23

પાદરા તાલુકાના સાધી ગામે રાજ્યવ્યાપી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પાદરાના ચૈતન્યસિંહ ઝાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળા પ્રવેશોત્સવની સાથે સાધી કન્યા પ્રાથમિક શાળાના નવનિર્મિત ભવનનું લોકાર્પણ પણ તેમના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. શાળા પરિવાર દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પાદરા તાલુકા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ પઢિયાર, ઉપપ્રમુખ કામિનીબેન પટેલ, તાલુકા અને ગ્રામજનો તેમજ વિવિધ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જાહેર નોટીસ શ્રી.એસ.સી.સંગાડા,એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં
નં.જ.મ.પ્ર/એસ.આર નં. ૩૨૯ થી ૩૩૧/૨૦૨૬
તા. ૨૩/૦૬/૨૦૨૬
અરજદાર : ડિડોડ અર્જુનભાઈ સુરમલભાઈ રહે.સુડીયા,તા.સીંગવડ, જિ.દાહોદ વિરૂધ્ધ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી,સુડીયા મુ.સુડીયા,તા.સીંગવડ,જી.દાહોદ
જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણ નોંધ કરાવવા અન્વયે નોટીસ
આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ડિડોડ અર્જુનભાઈ સુરમલભાઈ રહે.સુડીયા,તા.સીંગવડ,જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે.તેઓએ તેમના પુત્ર નામે ડિડોડ જહેશભાઈ અર્જુનભાઈનો જન્મ તા.૨૩/૧૧/૨૦૧૬ ના રોજ મુ.સુડીયા, તા.સીંગવડ જિ.દાહોદ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
(એસ.સી.સંગાડા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર સીંગવડ

જાહેર નોટીસ શ્રી.એસ.સી.સંગાડા,એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં
નં.જ.મ.પ્ર/એસ.આર નં. ૩૩૨ થી ૩૩૪/૨૦૨૬
તા. ૨૩/૦૬/૨૦૨૬
અરજદાર : ડિડોડ અર્જુનભાઈ સુરમલભાઈ રહે.સુડીયા,તા.સીંગવડ, જિ.દાહોદ વિરૂધ્ધ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી,સુડીયા મુ.સુડીયા,તા.સીંગવડ,જી.દાહોદ
જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણ નોંધ કરાવવા અન્વયે નોટીસ
આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ડિડોડ અર્જુનભાઈ સુરમલભાઈ રહે.સુડીયા,તા.સીંગવડ,જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે.તેઓએ તેમના પુત્રી નામે ડિડોડ મીરાબેન અર્જુનભાઈનો જન્મ તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજ મુ.સુડીયા, તા.સીંગવડ જિ.દાહોદ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
(એસ.સી.સંગાડા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર સીંગવડ